પ્રેમ પ્રકરણમાં હતાશ માન દરવાજાના યુવકે ફાંસો ખાઈ જીવ દઈ દીધો

સુરતઃ માનદરવાજામાં પ્રેમ પ્રકરણમાં યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. માનદરવાજા પદ્માનગરમાં મહાલક્ષ્મી શેરીમાં રહેતા સોમાભાઈ રાઠોડ જરી ખાતામાં નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવે છે. તેના સંતાન પૈકી 22 વર્ષીય મંગલે સોમવારે બપોરે ઘરમાં લાકડા સાથે કપડાનો ટુકડો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મંગલે પ્રેમ પ્રકરણમાં આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

કોસાડ આવાસમાં 17 વર્ષીય તરુણીનો ફાંસો ખાઈ આપઘાત

સુરતઃ મૂળ ઉત્તરપ્રદેશના વતની રાકેશભાઈ પાંડે હાલ અમરોલી કોસાડ આવાસમાં રહીને બે સંતાન સહિતના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેના સંતાન પૈકી 17 વર્ષીય એકની એક પુત્રી સુનિતાએ સોમવારે સાંજે 7:15 વાગ્યાના સુમારે ઘરમાં પંખાના હુક સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. બનાવને પગલે અમરોલી પોલીસના પીએસઆઇ ભંડેરીએ વધુ તપાસ હાથ ધરી હતી.

નવા મગદલ્લામાં પત્ની ડિલીવરી માટે પિયરે ગઈ અને પતિએ ફાંસો ખાઈ લીધો

સુરતઃ ડુમસ રોડ નવા મગદલ્લાના ભવાની મોહલ્લામાં 35 વર્ષીય કિરીટ દીપક પટેલ પરિવાર સાથે રહેતો હતો. કિરીટ એમેઝોનની ડીલરશિપ ધરાવતો હતો. સોમવારે સાંજે તેણે ઘરમાં પંખા સાથે ચાદર બાંધીને ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. કિરીટની પત્નીને પહેલી ડિલિવરી હતી, જેથી તે દોઢેક મહિના પહેલા પિયરે ગઈ હતી. તેના લગ્નને પાંચ વર્ષનો સમય થઈ ગયો હતો.

પાંડેસરામાં ઘરકંકાસથી વ્યથિત ફૂડ ડિલીવરી બોયનો ફાંસો ખાઈ આપઘાત

સુરતઃ મૂળ ઓરિસ્સાના વતની કૃષ્ણચંદ્ર દુખીશ્યામ સ્વાઈન (31 વર્ષ) પાંડેસરાના અપેક્ષા નગરમાં એક પુત્ર સહિતના પરિવાર સાથે રહેતો હતો. તે ફૂડ ડિલિવરીનું કામ કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. કૃષ્ણચંદ્ર અને તેની પત્ની વચ્ચે અવારનવાર ઝગડાઓ થતા રહેતા હતા. જેથી કંટાળીને તેણે રવિવારે સાંજે ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

લગ્નની તારીખ લેવાના 15 દિવસ પૂર્વે જ યુવતીએ ફાંસો ખાઈ લીધો

સુરતઃ ભાવનગર ગારિયાધારના મફતપુરા ગામમાં રહેતા દિનેશભાઈ પરમાર ખેતીકામ કરીને પરીવારનું ગુજરાન ચલાવે છે. તેના સંતાન પૈકી પુત્રી કલ્પના (22 વર્ષ) તેના ભાઈ-ભાભી સાથે સરથાણા વ્રજચોક પાસે કૃષ્ણનગરમાં રહેતી હતી. કલ્પનાની એક વર્ષ પહેલાં સગાઈ થઈ હતી તેમજ આગામી પખવાડિયામાં તેના લગ્નની તારીખ લેવાની હતી. તે પહેલા જ કલ્પનાએ સોમવારે સાંજે પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને જીવન ટુંકાવી લીધું હતું.

સચિનમાં પુત્રને ત્યાં રહેવા આવેલા બીમાર પિતાનો ફાંસો ખાઈ આપઘાત

સુરતઃ મૂળ ઉત્તરપ્રદેશના વતની ઉમાશંકર ઉર્ફે રાજા ગિલ્લે પ્રજાપતિ (46 વર્ષ) હાલ સચિન જીઆઇડીસી સાઈશ્રદ્ધા સોસાયટીના રાજુ મોચીની ચાલમાં રાજુ નામના પુત્ર સાથે રહેતો હતો. ઉમાશંકર અમદાવાદમાં લોખડ બનાવવાની કંપનીમાં નોકરી કરતો હતો. પરંતુ તેને પેટ સહિતની બીમારી થઈ ગઈ હતી. જેથી તે અઠવાડિયા પહેલા જ પુત્ર પાસે સુરત આવ્યો હતો. સોમવારે સવારે ઉમાશંકરે રૂમમાં લોખંડના એન્ગલ સાથે કપડું બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મહત્વની વાત છે કે, ત્રણેક મહિના પહેલા ઉમાશંકરની પુત્રવધૂએ પણ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

નિકાસ, ઉદ્યોગ અને ટેક્નોલોજી સહયોગ માટે નવો યુગ શરૂ થવાનો આશાવાદ

ભારત-EU ફ્રી ટ્રેડઃ હીરા-ઝવેરાત, કાપડ, ગારમેન્ટ, સીફૂડ, કૃષિક્ષેત્રે સુરતને ફાયદો

અમેરિકન ટેરિફની સામે ભારત માટે યુરોપિયન યુનિયનના બજારો ખૂલશે

સુરતઃ ભારત અને 27 સભ્ય યુરોપિયન યુનિયન વચ્ચે થયેલા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટથી દ્વિપક્ષીય વેપાર, રોકાણ અને વ્યૂહાત્મક સહયોગમાં નવો અધ્યાય શરૂ થયો છે. લાંબા સમયથી મંદીનો સામનો કરી રહેલા ભારતના હીરા-ઝવેરાત, કાપડ અને ગારમેન્ટ ઉદ્યોગ માટે આ કરાર સંજીવની સમાન સાબિત થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. ખાસ કરીને અમેરિકન ટેરિફ બાદ યુરોપિયન બજારમાં ભારતીય ઉત્પાદનો માટે નવા અવસરો ઊભા થશે તેવી શક્યતા છે.

સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ નિખિલ મદ્રાસી અને ઉપપ્રમુખ અશોક જીરાવાળાના જણાવ્યાનુસાર "કાપડ, ચામડું, દરિયાઈ ઉત્પાદનો, હીરા-ઝવેરાત અને સી ફૂડ જેવાં શ્રમ-સઘન ક્ષેત્રો US $33 બિલિયનની નિકાસ સાથે FTA હેઠળ પ્રેફરન્શિયલ એક્સેસથી મોટો લાભ મેળવનાર છે.

ખેડૂત અને સહકારી ક્ષેત્રના અગ્રણી જયેશ પટેલ (દેલાડ)એ જણાવ્યું હતું કે, "આ કરાર કૃષિ સાહસો માટે સમાન વ્યવસાયિક રમતનું ક્ષેત્ર તૈયાર કરશે. ચા, કોફી, મસાલા, તાજા ફળો-શાકભાજી અને પ્રોસેસ્ડ ફૂડ જેવી મુખ્ય ચીજવસ્તુઓની સ્પર્ધાત્મકતા વધશે, ગ્રામીણ આજીવિકાને બળ મળશે અને સમાવેશી વિકાસને પ્રોત્સાહન મળશે. સાથે જ ભારતે કેરી, અનાજ, મરઘાં, સોયાખોળ, ફળો અને શાકભાજી જેવા સંવેદનશીલ ક્ષેત્રોનું સમજદારીપૂર્વક રક્ષણ કરી સ્થાનિક હિતોનું સંતુલન જાળવ્યું છે.

અનેક ક્ષેત્રોમાં EU તરફથી વિસ્તૃત પ્રતિબદ્ધતાઓ મળીને ભારતીય સેવા પ્રદાતાઓ માટે નવા દ્વાર ખૂલશે. આ કરારથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્લીન ટેક્નોલોજી અને સેમિકન્ડક્ટર જેવા મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં સહયોગ વધશે તેવી અપેક્ષા છે.EUના 144 પેટા ક્ષેત્રોમાં ભારતીય સેવાઓને પહોંચ મળશે, જ્યારે ભારત દ્વારા ઓફર કરાયેલા 102 પેટા ક્ષેત્રોમાં EUને પ્રવેશ મળશે, જેના પરિણામે પરસ્પર લાભદાયી વ્યવસ્થા ઊભી થશે. સાથે જ ભારતીય પરંપરાગત દવાના પ્રેક્ટિશનરોને EUના કેટલાક દેશોમાં કામ કરવાની સુવિધા પણ સુરક્ષિત કરવામાં આવી છે.

2014 બાદ ભારતના અનેક દેશો સાથે કરાર

2014 બાદ ભારતે મોરેશિયસ, UAE, UK, EFTA, ઓમાન અને ઓસ્ટ્રેલિયા સાથે કરારો કર્યા છે અને ન્યૂઝીલેન્ડ સાથે કરાર પૂર્ણ કરવાની જાહેરાત કરી છે.

દેશભરની બેન્કોમાં ઉઘડતા દિવસે જ હડતાળ, કરોડોના વ્યવહાર ખોરવાયા

યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયનના નેતૃત્વમાં ગુજરાતમાંથી 15 હજાર કર્મચારીએ હડતાળ પાડી

સુરતઃ યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન દ્વારા 5 દિવસીય બેંકીંગ અઠવાડીયું લાગુ કરવાની લાંબા સમયથી ચાલી રહેલી માંગણીને લઈને આજે મંગળવાર 27-01-2026ના રોજ દેશભરના બેંક કર્મચારીઓ અને અધિકારીઓ હડતાલ પર ઉતરતા બેંકીંગ વ્યવહાર ખોરવાયો હતો. સુરતમાં પણ તેની વ્યાપક અસર જોવા મળી હતી.

એમ. ચાવડા (બેંક ઓફ બરોડા), સંજીવ દલાલ (યુનિયન બેંક ઓફ ઈન્ડિયા) અને અનિલ દુબે (બેંક ઓફ ઈન્ડિયા) સહિતના અગ્રણીઓના નેતૃત્વમાં આજે સવારે 10:45 કલાકે બેંક ઓફ ઈન્ડિયા, ઘોડદોડ રોડ ખાતે દેખાવો યોજાયા હતા. વિવિધ બેંકોના કર્મચારીઓ અને અધિકારીઓએ મોટી સંખ્યામાં હાજર રહી સુત્રોચ્ચાર કર્યા હતા.

કેન્દ્ર સરકાર, RBI, LIC, GIC બધામાં જ પાંચ દિવસનું અઠવાડિયું, બેન્કમાં છ દિવસ કેમ?

યુનિયનોનું કહેવું છે કે કેન્દ્ર સરકાર, RBI, LIC, GIC, શેરબજાર તથા ફોરેક્સ માર્કેટમાં પહેલેથી જ 5 દિવસીય અઠવાડીયુ અમલમાં છે, છતાં બેંક કર્મચારીઓને તેમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. અનેક બેઠકો બાદ પણ સરકાર તરફથી હકારાત્મક જવાબ ન મળતા 27-11-2025ના રોજ આંદોલનના કાર્યક્રમો જાહેર કરીને જાન્યુઆરીના ત્રીજા અઠવાડિયામાં હડતાલ કરવાનો નિર્ણય લેવાયો હતો.

દ.ગુ. ઝોનની વાઈબ્રન્ટ ઈવેન્ટ સુરતમાં યોજાવાની સંભાવના

ઈવેન્ટ માટે સુરતમાં જગ્યા શોધવાની કવાયત

સુરતઃ સુરત શહેરમાં સાઉથ ગુજરાત વાઈબ્રન્ટ સમીટના આયોજન સાથે ફરી એકવખત દેશભરમાં સુરતનો ડંકો વાગશે. સુરતમાં આગામી એપ્રિલ મહિનામાં યોજાનારી સમીટને લઈને સ્થળ પસંદગીની કવાયત શરૂ થઈ ગઈ છે.

ગયા મહિને રાજકોટમાં સૌરાષ્ટ્ર ઝોનનો સમીટ યોજાઈ હતી. હવે સાઉથ ગુજરાત માટે સુરતની પસંદગી કરાઈ હોવાનું જાણવા મળે છે. ઉદ્યોગ ભવનના અધિકારી વર્તુળોમાં ચાલી રહેલી ગુફતેગુ મુજબ આ વખતે સુરતમાં હાઈએસ્ટ એમાઉન્ટનું ઈન્વેસ્ટમેન્ટના એમઓયુ કરવાની કુસ્તી ચાલે છે. જે માટે અલગ અલગ ઈન્ડસ્ટ્રિઝ સાથે તાલેમેલ સાધવાનું પણ શરૂ કરી દેવાયું છે. આગામી એપ્રિલ મહિનામાં યોજાનારી આ મેગા બિઝનેસ ઈન્વેસ્ટમેન્ટ ઈવેન્ટને લઈને સુરતમાં સ્થળ પસંદગી માટે તડામારા તૈયારીઓ ચાલી રહી છે. અત્યાર લગી ઉદ્યોગ વિભાગને સરસાણા સ્થિત કન્વેન્શન ડોમ તેમજ ભગવાન મહાવીર કોલેજ સહિત ઓલપાડ અને બારડોલી માલીબા કોલેજ કેમ્પસ તરફ પણ નજર મંડાઇ રહી છે.

દ.ગુ.ને યુનિક ઇન્ડસ્ટ્રી મળે તેવો આશાવાદ

સુરત શહેરના આંગણે યોજાનારા વાઇબ્રન્ટ સમીટમાં આ વખતે રેકોર્ડ બ્રેક એમઓયુ થાય એ સાથે સુરતને નેશનલ અને ઇન્ટરનેશનલ લેવલે નવી આઇડેન્ટીટી મળે તેવા ઉદ્યોગ મળે તેવી સંભાવના પ્રબળ બની છે. ખાસ કરીને વિતેલાં પાંચેક વરસથી ગુજરાત ભાજપ રાજકારણમાં સુરતનો દબદબો વધ્યો એ સાથે સુરતને પણ વિકાસ માટે સોનેરી પાંખો મળી છે.

પ્રજાસત્તાક પર્વએ હાજરી નહીં તો એક દિવસ માટે સ્કૂલે આવવા પર પ્રતિબંધ

કતારગામ ખાતે આવેલી ગુરુકુળ વિદ્યાપીઠની શાળાના સંચાલકો દ્વારા કરાયેલા આદેશ સામે વાલી-વિદ્યાર્થીઓમાં ભારે રોષ

સુરતઃ પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત એક ધ્યાન ખેંચનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કતારગામ, જીઆઈડીસીમાં આવેલા ગુરુકુળ વિદ્યાપીઠની સ્કૂલમાં 26મી જાન્યુઆરીએ સ્કૂલના કાર્યક્રમમાં હાજરી નહીં આપનારા વિદ્યાર્થીઓને સજારૂપે તા.27મીએ સ્કૂલે નહીં આવવાનો આદેશ કરવામાં આવતાં વાલી-વિદ્યાર્થીમાં ભારે રોષની લાગણી છવાઈ જવા પામી છે.

સોમવારે તા. 26મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે કતારગામ, જીઆઈડીસીમાં આવેલા ગુરુકુળ વિદ્યાપીઠની શાળામાં ધ્વજવંદન સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળા સંચાલકો દ્વારા આ કાર્યક્રમમાં તમામ વિદ્યાર્થીઓને હાજરી આપવા કહેવામાં આવ્યું હતું. જો કે કેટલાક વિદ્યાર્થીઓ પ્રજાસત્તાક પર્વના કાર્યક્રમમાં હાજર નહીં રહેતાં શાળા સંચાલકોએ વિવાદી નિર્ણય જાહેર કર્યો હતો. શાળાના વોટ્સ એપ ગ્રુપમાં શાળા સંચાલકો દ્વારા એવો મેસેજ કરાયો હતો કે ધો.6થી 8ના વિદ્યાર્થીમિત્રોમાં ગઈકાલે 26 જાન્યુઆરીના રોજ જે બાળકો હાજર નથી રહ્યા એમણે આજે શાળાએ આવવાનું નથી. એમને એક દિવસની સજા આપવામાં આવે છે. ગઈકાલે જે બાળકો હાજર હતા એમને જ આજે શાળામાં બેસવા દેવામાં આવશે, જેની ખાસ નોંધ લેવી. શાળા સંચાલકોના આ નિર્ણયને પગલે વાલી-વિદ્યાર્થીઓમાં ભારે રોષની લાગણી ઉભી થઈ હતી. વાલીઓ દ્વારા એવા પ્રશ્નો ઉભા કરાયા હતા કે વિદ્યાર્થીઓને ફરજિયાત હાજર રાખવા માટે તેમના ભણતરનો ભોગ લેવામાં આવે તે કેટલું વ્યાજબી?

વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય પર્વમાં હાજરી આપે તે માટે સજા કરાઈ હતી: ગુરુકુળ વિદ્યાપીઠના સંચાલકો

આ ઘટના અંગે અગાઉથી સૂચના આપવામાં આવી હોવા છતાં વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જેથી તેમનામાં દેશપ્રેમ જાગે અને તેઓ ભવિષ્યમાં હાજરી આપે તેવા આશયથી આ સજા કરવામાં આવી હતી.

બીસીજીની ચૂંટણીમાં સમાધાન માટે સિનિયરોની કમિટી બની

આ કમિટી ઈચ્છુક ઉમેદવારોને સમજાવવાનો પ્રયાસ કરશે

સુરતઃ બીસીજીની ચૂંટણી જાહેર થઈ છે, ત્યારથી સુરત શહેરમાંથી ઉમેદવારી નોંધાવવા માટે ૨૦થી ૨૨ જેટલા વકીલો ઉત્સાહમાં પ્રચારના કાર્યમાં લાગી ગયા છે. જેને પગલે બીસીજીની ચૂંટણીમાં સુરતનું પ્રતિનિધિત્વ જોખમમાં આવી ગયા હોવાનો એક સિનારિયો ઊભો થતાં સિનિયર વકીલો દ્વારા આ મુદ્દે વકીલમંડળ દ્વારા યોગ્ય પ્રયાસ કરવામાં આવે તેવી એક માંગ ઊભી થઈ હતી. આખરે સુરત જિલ્લા વકીલમંડળે ૨૦ સભ્યોની એક બીસીજી ચૂંટણી કમિટી બનાવવી પડી છે. આ કમિટીમાં સિનિયર વકીલ કલ્પેશ દેસાઈ, કિરીટ પાનવાલા, રમેશચંદ્ર શાહ, જીવરાજભાઈ વસોયા, જતીન ગાંધી, નયનકુમાર સુખડવાલા, કેતન રેશમવાલા, નિલેશ વઘાસિયા, વિનય શુક્લ સહિત ૨૦ સિનિયર વકીલનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કમિટી ઈચ્છુક ઉમેદવારોને સમજાવવાનો પ્રયાસ કરશે. હવે જોવાનું એ રહેશે કે આ ઈચ્છુક ઉમેદવારોને સમજાવવાની વકીલ મંડળની રણનીતિ કેટલી સફળ થાય છે.

બીસીજી ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારો સાથે બેઠક

સુરત જિલ્લા વકીલમંડળ દ્વારા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં સુરત ખાતેથી ભાગ લેનાર સંભવિત ઉમેદવારો સાથે જરૂરી ચર્ચા વિચારણા કરવા માટે તા.૩૦/૧/૨૦૨૬ ને શુક્રવારના રોજ બપોરે ૨ કલાકે સંયુક્ત મિટિંગ સુરત જિલ્લા ન્યાયાલય, રૂમ નં.૧૦૧૪, ૬સમાં માળે આવેલ કોન્ફરન્સ હોલમાં મળશે.

SVNITના અક્ષય ચૌહાણે પ્રદૂષક કણોની બદલાતી સ્થિતિ શોધી

એર પોલ્યુશન વિષય પર અક્ષય ચૌહાણે પીએચ. ડી. કર્યું

સુરતઃ વધતા હવાઈ પ્રદૂષણ અને આરોગ્ય પર તેની ગંભીર અસરો વચ્ચે સંશોધન ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરતાં ચૌહાણ અક્ષય ચંદ્રકાંતભાઈએ સિવિલ એન્જિનિયરિંગ વિભાગ, સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (એસવીએનઆઈટી), સુરતમાંથી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. અક્ષય ચૌહાણના સંશોધનમાં ભારતીય શહેરોમાં હવામાં રહેલા સૂક્ષ્મ પ્રદૂષક કણો (પાર્ટિક્યુલેટ મેટર - PM2.5 અને PM10) તથા એરોસોલ્સની બદલાતી સ્થિતિનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ખાસ કરીને રિમોટ સેન્સિંગ ટેક્નોલોજી અને આર્ટિફિશિયલ ન્યુરલ નેટવર્ક જેવી આધુનિક પદ્ધતિઓનો ઉપયોગ કરી ભવિષ્યમાં હવાઈ પ્રદૂષણનું આગોતરું અનુમાન કેવી રીતે કરી શકાય, તેના પર વિસ્તૃત અભ્યાસ કરવામાં આવ્યો છે. આ સંશોધન શહેરોમાં વધી રહેલા પ્રદૂષણ સામે નીતિનિર્માતાઓ અને પ્રશાસન માટે ઉપયોગી સાબિત થઈ શકે છે. આ અભ્યાસ દ્વારા વિકસાવાયેલા પ્રેડિક્શન મોડલ્સ શહેર પ્રશાસનને હવાઈ ગુણવત્તા સુધારવા માટે વૈજ્ઞાનિક આધાર પૂરું પાડશે. ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને શ્વસન રોગથી પીડિત લોકોને સુરક્ષિત રાખવા માટે આ સંશોધન મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

પર્યાવરણ સંરક્ષણ તરફ એક મહત્ત્વપૂર્ણ યોગદાન

અક્ષય ચૌહાણનું આ સંશોધન માત્ર શૈક્ષણિક સિદ્ધિ પૂરતું સીમિત નથી, પરંતુ પર્યાવરણ સંરક્ષણ અને જાહેર આરોગ્ય માટે પણ મહત્ત્વપૂર્ણ યોગદાનરૂપ છે. ભવિષ્યમાં સ્માર્ટ સિટી યોજનાઓ અને એર ક્વોલિટી મેનેજમેન્ટમાં આ અભ્યાસ માર્ગદર્શક બની શકે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. એસવીએનઆઈટી સુરતના સિવિલ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા થયેલ આ સંશોધન સંસ્થાની સંશોધનક્ષમતા અને સમાજોપયોગી અભ્યાસને ઉજાગર કરે છે, જ્યારે ચૌહાણ અક્ષય ચંદ્રકાંતભાઈની આ સિદ્ધિ સુરત સહિત સમગ્ર રાજ્ય માટે ગૌરવની બાબત બની છે.

ડિંડોલી ઉધના બ્રિજ પર સિટીબસ નીચે કચડાઈ જતા રત્નકલાકારનું મોત

સુરતઃ ડીંડોલી ઉધના બ્રિજ પર સિટી બસને ઓવર ટેક કરવા જતા રત્નકલાકારનું મોત નીપજ્યું હતું. બાઇક સ્લીપ થતા યુવક બસના ટાયરમાં આવી ગયો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના વતની જીતેન્દ્ર રમેશ મહાજન (38 વર્ષ) હાલ ડીંડોલી દેલાડવા ગામના અયોધ્યાનગરીમાં પરિવાર સાથે રહેતો હતો. જીતેન્દ્ર રત્નકલાકાર તરીકે નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. દરરોજની જેમ જીતેન્દ્ર મંગળવારે સવારે નોકરી પર જવા માટે નીકળ્યા હતા. દરમિયાન ડિંડોલી ઉધના બ્રિજ પર સિટી બસને ઓવરટેક કરવા જઈ રહ્યો હતો, ત્યારે તેનું સંતુલન બગડતા તેની બાઈક સ્લીપ થઈ ગઈ હતી અને તે બસના પાછળના ટાયરમાં આવી જતા તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જીતેન્દ્રએ હેલ્મેટ પહેર્યું હતું, તેમ છતાં તેનું મોત નીપજ્યું હતું. કારણ કે તે ગુણવત્તાના ધોરણે યોગ્ય ન હોવાનું જાણવા મળ્યું હતું.

ક્રીપ્ટોમાં રોકાણના નામે 12.20 લાખ સેરવનાને દોડતી ટ્રેનમાંથી પકડાયો

ટેલીગ્રામ ગ્રુપ-બનાવટી એપથી રોકાણ કરાવ્યું, ગોવાથી જામનગર જતી ટ્રેનમાંથી પકડાયો

સુરતઃ ટેલીગ્રામ ગ્રુપ અને બનાવટી એપ્લિકેશન મારફતે રૂ.12.20 લાખથી વધુની ઠગાઈ કરવાના ગુનામાં સંડોવાયેલા એક આરોપીને સુરતના સાયબર સેલએ દોડતી ટ્રેનમાંથી ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

આ ગુનામાં સંડોવાયેલા આરોપીઓએ ટેલીગ્રામ પર અલગ-અલગ ગ્રુપ બનાવી, તેમાં એડમિન તરીકે કાર્ય કરી અને બેંક એકાઉન્ટ ધારકો સાથે પૂર્વ આયોજિત કાવતરું રચ્યું હતું. ફરિયાદીને ક્રીપ્ટો ટાસ્કમાં રોકાણ કરાવવાથી મોટો નફો મળશે તેમ જણાવી બનાવટી એપ્લિકેશન ડાઉનલોડ કરાવી રજિસ્ટ્રેશન કરાવાયું હતું. બાદ ટાસ્કના નામે ફરિયાદી પાસેથી ટુકડે-ટુકડે કરીને કુલ રૂ.12,20,366.80 અલગ-અલગ બેંક એકાઉન્ટોમાં ટ્રાન્સફર કરાવાયા હતા. છેતરપિંડીની જાણ થતાં ફરીયાદીએ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

જેમાં સાયબર સેલના પીઆઈની આગેવાનીમાં ટીમ રચાઈ હતી. બાદ બેંકો પાસેથી જરૂરી વિગતો મેળવી ટેકનિકલ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન આરોપી તેજસ મહેન્દ્રભાઈ સંઘવી ગોવાથી જામનગર ટ્રેન દ્વારા જઈ રહ્યો હોવાની માહિતીને પગલે તેને દોડતી ટ્રેનમાંથી ઝડપી પાડવામાં આવ્યો છે.

અટકાયત કરાયેલા આરોપીની વિગતો

અટકાયત કરાયેલા આરોપી તેજસ મહેન્દ્રભાઈ સંઘવી (ઉ.વ.૪૦) વ્યવસાયે શેરબ્રોકર છે. તે જામનગર ખાતે જીનકુશલ રેસિડન્સીમાં રહે છે અને અભ્યાસ બી.કોમ છે. આ ક્રીપ્ટો આધારિત સાયબર ફ્રોડના ગુનામાં આરોપીની મહત્ત્વની ભૂમિકા બહાર આવી છે. તપાસમાં ખૂલ્યું છે કે આરોપીએ પોતાના Indian Overseas Bank તથા કર્ણાટકા બેંકનાં બેંક ખાતાં સાયબર ફ્રોડમાં નાસતા ફરતા આરોપીને કમિશનના લોભે ઉપયોગ માટે આપ્યા હતા. ઉપરાંત ફ્રોડની રકમ ઉપાડવા માટે પોતાના બેંક ખાતાના ચેક પણ નાસતા ફરતા આરોપીને આપ્યા હોવાનું સામે આવ્યું છે. આરોપીના Indian Overseas Bank ખાતામાં રૂ.૫,૭૯,૮૬૩ તથા કર્ણાટકા બેંક ખાતામાં રૂ.૫,૦૦,૦૦૦ જેટલી ફ્રોડની રકમ જમા થઈ હતી. આ બંને ખાતામાંથી ચેક મારફતે ફ્રોડની રકમ ઉપાડી લેવાઈ હોવાનું તપાસમાં સ્પષ્ટ થયું છે.

ફૂડ-બેવરેજીસ, ગ્લોબલ વિલેજ, WEE પ્રદર્શનને ભારે પ્રતિસાદ

રવિવારે અને સોમવારે ભારે ભીડને કારણે એક - એક કલાકનો સમય વધારવો પડ્યો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા તા. ૨૪ થી ૨૬ જાન્યુઆરી, દરમિયાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે આયોજીતચ 'ફૂડ એન્ડ બેવરેજીસ એક્ઝિબિશન', 'SGCCI ગ્લોબલ વિલેજ' તથા 'વુમન આંત્રપ્રિન્યોર એક્ઝિબિશન'ને ભારે પ્રતિસાદ મળ્યો હતો. રવિવારે અને સોમવારે ભારે ભીડને કારણે એક - એક કલાકનો સમય વધારવો પડયો

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, એક્ઝિબિશનના શનિવારે પ્રથમ દિવસે કુલ ૫૭૮૦, રવિવારે બીજા દિવસે કુલ ૧૨૩૪૦ અને સોમવારે ત્રીજા દિવસે ૧૧૫૬૦ લોકોએ એક્ઝિબિશનની મુલાકાત લીધી હત. જેમાં સુરત બહારથી આવેલા ૨૦૮૦ મુલાકાતીઓનો સમાવેશ થાય છે. ખાસ કરીને ફૂડ એન્ડ બેવરેજીસ સેકટર, બેકરી પ્રોડક્ટ્સ, હોમ ડેકોર, ફેશન તથા લાઈફસ્ટાઈલ ઉત્પાદનોને ખરીદદારો તરફથી વિશેષ પસંદગી મળી હતી.

વુમન આંત્રપ્રિન્યોર એક્ઝિબિશનમાં મહિલાઓ દ્વારા તૈયાર કરાયેલા હેન્ડમેડ, ફેશન, ફૂડ અને લાઈફસ્ટાઈલ પ્રોડક્ટ્સને વિશેષ પસંદગી મળી હતી. ગ્લોબલ વિલેજ એક્ષ્પોમાં અફઘાનિસ્તાન, ઓસ્ટ્રેલિયા, દુબઈ અને જાપાનના એક્ઝિબિટર્સને પણ ખરીદદારોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો હતો. એક્ષ્પોમાં કેનેડા, બોત્સ્વાના, ઝિમ્બાબ્વે, ટ્યુનિશિયા, ઈથોપિયા, સાઈપ્રસ, ઘાના અને લિસોટો સહિતના દેશોમાંથી આવેલા વિદેશી વિઝિટર્સે પણ મુલાકાત લીધી હતી.

સુરતનું ગૌરવ ગણાતી એશિયાની સૌથી મોટી 'ગાર્ડન ક્લોક' ખંડેર

■ સુરતના ભેસ્તાન-જીઆવ રોડ પર આવેલા નવીનચંદ્ર મફતલાલ ગાર્ડનની શાન ગણાતી એશિયાની સૌથી મોટી 'ગાર્ડન ક્લોક' તંત્રની ઘોર ઉદાસીનતાને કારણે ખંડેર હાલતમાં ફેરવાઈ ગઈ છે. વર્ષ-2010માં ગુજરાતની સુવર્ણ જયંતી પ્રસંગે સ્વિટ્ઝર્લેન્ડના જીનિવા કરતાં પણ 2.20 મીટર મોટી અને 24 મીટર વ્યાસ ધરાવતી આ આધુનિક ઘડિયાળ 21 લાખના ખર્ચે કાર્યરત કરવામાં આવી હતી. 4,000 કિલો વજન ધરાવતી અને GPS ટેક્નોલોજીથી સજ્જ આ ઘડિયાળ સેટેલાઇટ સાથે જોડાયેલી હતી, જે દર કલાકે ટકોરા પાડીને આખા દક્ષિણ ગુજરાતના પ્રવાસીઓને આકર્ષતી હતી. આ ગર્વ સમાન પ્રોજેક્ટ હવે માત્ર તંત્રની બેદરકારીનું પ્રતીક બનીને રહી ગયો છે.

સહયોગથી કેસોની કામગીરી ઝડપભેર આગળ વધારીશું: મુખ્ય જિલ્લા જજ ત્રિવેદી

કોર્ટ બિલ્ડિંગમાં પ્રાંગણમાં ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી

ડિસ્ટ્રિક્ટ જજે પોક્સોના કેસોના ઝડપી નિકાલ બાબતે પણ પ્રશંસા કરી

સુરતઃ સુરત જિલ્લા વકીલમંડળ અને સુરત સિટી બાર એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે ગણતંત્ર દિવસની ઉજવણી કોર્ટ બિલ્ડિંગના પ્રાંગણમાં કરવામાં આવી હતી.

આ પ્રસંગે ડિસ્ટ્રિક્ટ જજ રાહુલ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને સુરત એવી જગ્યા છે, જ્યાં તમામને ઉમળકાભેર આવકાર આપવામાં આવે છે. આપણે ગણતંત્ર દિવસની ઉજવણી કરી રહ્યા છે, ત્યારે મારે એક વાત ચોક્કસ કહેવી છે કે જજો અને વકીલોના સહયોગથી ખૂબ સારું કામ થઈ રહ્યું છે.

હાઈકોર્ટે પણ સુરતની કામગીરીની પ્રશંસા કરી છે. દર ત્રણ મહિને યોજાતી લોક અદાલતમાં સુરતની કામગીરી ખૂબ જ સારી રહી છે. આગામી દિવસોમાં એકબીજાના સહયોગથી કેસોની કામગીરી ઝડપભેર આગળ વધારતા રહેશું. પોક્સોના કેસોના